**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૧/૦૨/૨૦૧૮ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૧૧/૧૮**

**ઇસનપુર પોલીસ સ્ટેશન :**

મોબાઇલ સ્નેચીંગના આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણશોધાયેલ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય અને ગઇ કાલે રાતના મોબાઇલ સ્નેચીંગનો ગુનો બનેલ હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી એન.એમ.પટેલ સાહેબ નાઓએ ફરીયાદીને મળી સદર આરોપીનુ વર્ણન મેળવી ગુનો શોધી કાઢવાની સુચના આપતા પો.ઇન્સ.સાની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ.વી.એન.ભરવાડ તથા સર્વેલન્સ સ્કોડના માણસો નાઇટમા ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ ફરી વર્ણન મુજબના ઇસમની શોધમા હતા દરમ્યાનમા અ.પો.કો ચન્દુભાઇ અજુભાઇ તથા અ.પો.કો મો.ઇલ્યાસ મો.સાદિકનાઓને મળેલ સયુક્ત બાતમી આધારે એક આરોપી મોહંમદકલીમ ઉર્ફે કલીમ ભૈયા સ/ઓ અકબરખાન પઠાણ ઉ.વ ૨૫ રહે,મુસામીયાની ચાલી મ.ન ૧૫૪૦ શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેરનાને મોડી રાતના કલાક ૦૨/૦૦ વાગે પકડી પાડી સદરીની પાસેથી સદર ગુનાનો મોબાઇલ ફોન તથા આ સિવાય બીજા ત્રણ મોબાઇલ ફોન તથા એકટીવા ગાડી મળી કુલ રૂપિયા ૬૫,૦૦૦/-નો મુદ્દામાલ રીકવર કરી નીચે મુજબના ગુનાઓ શોધી કાઢેલ છે અને સદર આરોપી ગુનાહીત ઇતિહાસ ધરાવે છે અને અગાઉ લુંટ તથા સ્નેચીંગના ગુનાઓમા પકડાયેલ છે તા ૩૧/૦૧/૨૦૧૮

(૧)ઇસનપુર પો.સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૬/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૭૯,૩૫૬,૧૧૪

(૨)પાલડી પો.સ્ટેશન ફ.ગુ.ર.નં ૦૭/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૭૯,૩૫૬,૧૧૪

(૩)મણીનગર પો.સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૭/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૭૯,૩૫૬,૧૧૪

(૪)ગઇ કાલે રાતના કાગડાપીઠ પો.સ્ટેશનની હદમા કાંકરીયા પાસેથી એક મોબાઇલ ફોન સ્નેચીંગ કરેલ હોવાની કબુલાત કરેલ છે



આરોપી- મો.કલીમ @ કલીમ ભૈયા

દાણીલીમડા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નરશ્રી "કે" નાઓની સુચના તેમજ માર્ગદર્શન મુજબ ACP "કે" ડીવીઝન સ્કોડના અ.હેડ.કોન્સ વિજયકુમાર રણછોડભાઇ બ.નં-૮૨૦૮ નાઓ સાથેના સ્ટાફના માણસો સાથે "કે" ડીવીઝન વિસ્તારમા નાસતા/ફરતા વોન્ટેડ આરોપી શોધવા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના પો.કો ઇન્દ્રજીતસિંહ ભાવુભા બ.નં-૪૬૯૭ તથા પો.કો ઇન્દ્રજીતસિંહ ભુપતસિંહ બ.નં-૯૫૮૭ નાઓને મળેલ બાતમી હકીકત આધારે દાણીલીમડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં- ૨૩/૧૪ ઈપીકો કલમ ૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ મુજબના ગુનાના કામે પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસતો-ફરતો વોન્ટેડ આરોપી નામે મોહંમદરફીક ઉર્ફે શરીફ સ/ઓ મુસ્તકીમ નીલગર ઉ.વ-૪૩ રહે. મ.નં.૩૪/૪, સાઇડ એંડ સર્વિસના છાપરા, દાણીલીમડા અમદાવાદ શહેર હાલ રહે-ચાંદ સૈયદની ચાલી રેહાનાબાનુ રફીકભાઇ નીલગર ના મકાનમા દાણીલીમડા અમદાવાદ શહેર નાને દાણીલીમડા ચાંદ સૈયદની ચાલીના ગલીના નાકેથી આજરોજ તા-૧/૨/૨૦૧૮ ના કલાક ૦૦/૦૫ વાગે CRPC કલમ ૪૧(૧)(આઇ) મુજબ પકડી અટક કરી આગળની વધુ તપાસ અર્થે દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે સોપવમા આવેલ છે તા-૧/૨/૨૦૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.